

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

*થઈ હતી સજા કેશુભાઈને વાંક વિના,*
*હાર્યા રૂપાણી, થયા દોષિત વાંક વિના,*
*વાંક વિના જ મળે છે સજા રાજકારણમાં -*
*અહીં ઓઢવા પડે દોષના ટોપલા વાંક વિના....*

### હાઈકુ

*ધાર્યું ન હોય*
*અને અચાનક જ*
*મળી જાય ખો*

*જ્ઞાતિ મંદિરે*
*ચઢી જાય છે બલિ*
*લેવાય ભોગ*

### ચિંતન

*બાલનાદ્ બહવો દોષાસ્તાડનાદ્ બહવો ગુણાઃ ।*
*તસ્માત્ પુત્રં ચ શિષ્ય ચ તાડયેત્ર તુ લાલયેત્ ॥*

ઉપરોક્ત શ્લોક શ્રી વિવેકચૂડામણિગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

બાળકને વધુ પડતો લાડ લડાવવાથી તે બગડી જ જાય છે, તેને તો શિક્ષા કરવાથી જ એનામાં શિસ્ત અને વધુ પડતાં અને ખોટા લાડની નહીં પણ શિક્ષાની વધારે જરૂર છે.

આજકાલ તો દસ-બારમાં ધોરણમાં ભણતા જતા બાળકને શિક્ષક જરાક લાલ આંખ બતાવે તો પણ કુટુંબીજનો શિક્ષકને કોર્ટમાં લઈ જવાની ધમકી આપે છે. વિદ્યાર્થીઓમાં અશિસ્ત. આછકલાઈ અને અભ્યાસ પ્રત્યેની બેદરકારી છે. તેનાં મૂળમાં 'સજા વિનાની સુરક્ષા' જ જવાબદાર છે.

છેલ્લા પાંચ વર્ષમાં તો પંદર વર્ષના બાળકોને વાલીઓ જે માગે તે હાજર કરી દે છે. જેમ કે સ્માર્ટ ફોન કે સ્કૂટર હોય. બાળકની માગણીઓની યોગ્ય-અયોગ્ય - પરિણામોની જરા પણ ચિંતા કર્યા વિના બાળકને પંપાળવામાં આવે છે. ખરાબ સંગત અને અભ્યાસમાં અરુચિ છતાંય માગ્યા વરદાનમાં 'તથાસ્તુ' સિાય સાંભળવા જ ન મળે તો બાળક બગડવાની પરાકાષ્ઠા એ જ પહોંચે ને??

પ્રાચીન સમયમાં 'શિષ્ય'ને શિસ્ત અને 'શિક્ષા'માં રાખી સદ્‌ગુણોનું સિંચન થતું.

### સુવિચાર

- સુખી જાતે જ થવું પડે.... દુઃખી ગમે ઈ કરી જાય...! - **એસ. ભટ્ટાચાર્ય**
- જે લોકો તમને પર્સનલી નથી ઓળખતા એમની વાતો કયારેય પર્સનલી ન લેવી - **વિચારદીપ**
- જો તમે બીજાના અપરાધ ક્ષમા કરશો તો ઈશ્વર તમારા અપરાધ ક્ષમા કરશે - **ઈસુ ખ્રિસ્ત**
- આત્મવિશ્વાસ ન હોય તો કૌશલ્ય પાંગળું છે - **સંત રોબિન**
- પ્રયત્નશીલ માણસ માટે આશા હરહંમેશ જલતી જયોત જેવી છે - **ગેટે**
- પૃથ્વી એ વિરલાઓને યાદ રાખે છે જે સામા પૂરે તરવાની હિંમત રાખે છે, જેને તણાવાનો ભય હોય એ પોતાને પણ તારી નથી શકતા - **હિતેશ આનંદપરા**
- આજનું ઔષધ : આમલીની ચટણીમાં અડધુ લીંબુ નિચોવી પી જવાથી ઉલ્ટી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગુરુ શિષ્ય અંધારી રાતમાં નિર્જન રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. જંગલી જાનવરોનો ભય પણ સતાવતો હતો અને શિષ્યનાં ચહેરા પર અને અવાજમાં ગુરુએ ભયનો અનુભવ થતો હતો. સદ્‌ગુરુએ કહ્યું, 'બેટા, શું તમે અંધકારથી ગભરાવ છો? તમે અંધકાર નથી જોયો તો પ્રકાશને કેવી રીતે ઓળખી શકશો ?'

શિષ્યે કહ્યું, 'ગુરુજી!! ભયના ઘણા કારણ છે. હું અંધારી રાત અને જંગલી જાનવરથી રહી રહ્યો છું.'

ગુરુએ નાનો દીવો પ્રગટાવ્યો અને તેને શિષ્યના હાથમાં આપ્યો. તે દસ પંદર ડગલા આગળ ચાલ્યો હશે અને અચાનક કોઈએ ફૂંક મારી. અંધકાર વધારે ઘેરો થઈ ગયો એવું લાગ્યું, જાણે નાવ મળી અને તરત છૂટી પણ ગઈ. તે ગભરામણમાં ઉપરવાળાને ઉદ્દેશીને બોલ્યો. 'જો દીવો બુઝાવવો હતો, તો પ્રગટાવ્યો જ શું કામ ?' ગુરુ હસ્યા અને બોલ્યા, 'આ યાત્રામાં સહારો કામ નહીં આવે. સાધનાની યાત્રામાં કોઈ બીજાનો દીવો અંધકારને શાશ્વતથી ઢાંકી દેતો નથી. ભાઈ ! પ્રગટાવ તારા આંતર દીપને, જગાડ અંતર ચેતનાને, જો તમે ખુદ પ્રકાશવાહી બનશો તો હજારો બીજા મુસાફરોને દીપદાન આપી શકશો.'

શિષ્યેન ગુરુની સુક્ષ્મ વાત સમજાઈ ગઈ.

# દિલ્હીની હવા બગડે એ દેશને પોસાય નહીં

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વ વિક્રમ પ્રાપ્ત કરવામાં તો ગૌરવ અનુભવાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે ઊપસી રહ્યા છે અને ચીન વિશ્વની સૌથી વધારે તાકાત ધરાવતી સેના ઊભી કરી અમેરિકાને બીજા નંબરે ખશેડવા મથી રહ્યું છે. શી જિન પિંગે એમનું કોમ્યુનિસ્ટ પાર્ટીમાં પસાર કરાવેલ ઠરાવ એમને માઓત્સેતુંગ કરતાં પણ મોટા નેતા તરીકે સ્થાપિત કરે છે. વિશ્વ વિક્રમ સકારાત્મક હોય તો એનું ગૌરવ લેવાનું મન થાય પણ દિલ્હીના વાયુ પ્રદૂષણ જેવો નકારાત્મક હોય તો એ રાષ્ટ્રીય શરમ જ બની રહે. સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયમૂર્તિને ઘરમાં જ માસ્ક પહેરવો પડે છે - કોરોનાથી બચવા માટે નહીં, વાયુ પ્રદૂષણથી બચવા માટે. દિલ્હી ગેસ ચેમ્બરમાં ફેરવાઈ ગઈ છે. સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત સંસ્થાના સર્વેક્ષણ મુજબ એ વિશ્વનું સૌથી વધુ વાયુ પ્રદૂષિત મહાનગર છે. વળી પહેલાં દસ વાયુપ્રદૂષિત મહાનગરોમાં ભાજપનાં જ બીજા બે મહાનગરોનો પણ સમાવેશ થાય છે. કોલકાત્તા અને મુંબઈ પણ હવાનું ઊંચું પ્રદૂષણ ધરાવે છે. પાકિસ્તાનનું લાહોર મૂળે તો ભારતીય ઉપખંડનું જ મહાનગર છે. એ પણ પહેલાં દસ પ્રદૂષિત નગરોમાં સમાવેશ પામ્યું છે. વડાપ્રધાન મૂર્તિએ વ્યથિત થઈને દિલ્હીની કેજરીવાલ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બેઉનો ઉધડો લીધો છે. આટલા પ્રદૂષણમાં માનવી જીવી જ શી રીતે શકે ? એમણે તાત્કાલિક લોકડાઉનની ભલામણ પણ કરી હતી, જેથી વાહનોનો ધુમાડો ઓછો થાય. વાયુ પ્રદૂષણની વાત આવે એટલે દિલ્હીના શાસન-પ્રશાસનને પંજાબ-હરિયાણા અને ઉત્તરપ્રદેશના ખેડૂતો પર દોષનો ટોપલો ઢોળી દેવાનું બહાનું મળી જાય છે. એ સાચું કે ખેડૂતો પાક લીધા પછી પરાળ બાળી મૂકે છે. જે ધુમાડાના ગોટેગોટા રાજધાનીના આકાશને ધૂંધળું બનાવી મૂકે છે. વડા ન્યાયમૂર્તિએ સરકારને આ મુદ્દે પણ ખખડાવી છે. દર વખતે ખેડૂતો પર દોષ ઢોળી દઈને સરકાર છટકી જાય તે બરાબર નથી. પરાળ બાળવાથી પ્રદૂષણ થાય છે તે સમજી શકાય એમ છે. પરંતુ એથી જ પ્રદૂષણ થાય છે એમ કહેવું બરાબર નથી. ઉદ્યોગો અને વાહનોથી પ્રદૂષણ થાય છે તે ઘણું વધારે હોય છે. એને તો સરકાર પોતાની રીતે નથી શકે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સર્વોચ્ચ અદાલતની આ ટકોરને ગંભીરતાપૂર્વક લીધી છે અને આંશિક લોકડાઉન જેવા આદેશો કર્યા છે. શાળાઓ બંધ રહેશે. એકાદ સપ્તાહ સુધી સરકારી કાર્યાલયો પણ બંધ રહેશે. જો કે ઓનલાઈન ઘેરબેઠાં કામગીરી ચાલુ રહેશે. બાંધકામની પ્રવૃત્તિ બંધ રહેશે. ઈંટોનાં ભઠ્ઠા બંધ રહેશે અને વાહનોને પણ નિયંત્રિત કરવા માટે કોઈ કીમિયો અજમાવાશે. પૂરેપૂરું લોગડાઉન લગાવવાની જરૂર પડશે તો તે પણ લગાવાશે, એના માટેની ચર્ચા વિચારણા પણ શરૂ કરી દેવાઈ છે. દિલ્હી તો ભારતનું દિલ છે. એને જ ચોખ્ખી હવા ના મળે તો આખા દેશની દુર્દશા થઈ જાય એમાં શંકાને સ્થાન નથી. હવાના પ્રદૂષણથી કેન્સર અને હાર્ટ એટેક જેવી શારીરિક બિમારીઓ ઉપરાંત ડિપ્રેશન જેવી માનસિક બીમારીનો ભોગ બની શકાય. મહાનગરોને વાહનો વગર ચાલવાનું નથી. અરવિંદ કેજરીવાલે અગાઉ પ્રદૂષણ વધી જતાં એકી-બેકી નંબરની ગાડીઓનો નિયમ લાગુ કરેલો, જેથી વાહનોની સંખ્યા આપોઆપ અડધી થઈ જતાં પ્રદૂષણ ઓછું થતું હતું. ખેડૂતોના પરાળને બાળી મૂકવા કરતાં એને રાસાયણિક રીતે પ્રોસેસ કરી ખાતરમાં ફેરવી શકાય. કદાચ એ પરાળ કાગળ બનાવવાના કાચા માલ તરીકે પણ ખપમાં લઈ શકાય. ટેકનોલોજીને કારણે જ પ્રદૂષણ વધ્યું છે. તો એ જ ટેકનોલોજી એને ઘટાડવામાં પણ કામે લગાડી શકાય. દિલ્હીની હવા બગડે તો આખા દેશના માથે જોખમ ઊભું થાય. સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિની ટકોર સમયસરની છે.

# બીન જામીન લાયક ગુન્હામાં પ્રથમ વખત પોલીસ દ્વારા પણ જામીન આપી શકાય છે - દંડ પ્રક્રિયાની કલમ-૪૩૭



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

**ન્યાયનો વિલંબ એ ન્યાય ના મળ્યા બરાબર જ છે**

ભારતની સુપ્રિમ કોર્ટ અને અન્ય હાઈકોર્ટે ધરપકડ અંગે એક દિશાનિર્દેશ જારી કરેલ છે. દેશના સંવિધાનમાં વ્યકિતગત સ્વતંત્રતાને એક અમૂલ્ય મૂળભૂત અધિકાર માનવામાં આવેલ છે, પરંતુ પોલીસ દ્વારા ભાગ્યે જ તેનું પાલન કરવામાં આવે છે. સાત વર્ષથી નીચેની સજાના અપરાધીઓની ધરપકડ માટે કાયદાકીય રીતે પણ કોઈ આવશ્યકતા નથી, પરંતુ ગર્ભીત ઉદ્દેશો સિધ્ધ કરવા પોલીસ દ્વારા સાત વર્ષથી નીચેની સજાના ગુન્હામાં પણ ધરપકડની બીક બતાવી પોલીસ યેનકેન રીતે પોતાનો ઉદ્દેશ સિધ્ધ કરી લેતી હોય છે. પરિણામે ધરપકડ અને જામીન એ પોલીસ માટે દુધાળી ગાય સાબીત થયેલ છે.

સાત વર્ષની નીચેની સજામાં પોલીસ ઉદ્દેશ સિધ્ધના થતા ધરપકડ પણ કરી લે છે અને જામીન પણ આપતી નથી તેમજ ફસ્ટ કલાસ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ આવા કહેવાતા આરોપીઓને રજુ કરવામાં આવે છે, જેમાં નીચલી કોર્ટ પણ ઘણી વખત જામીન આપતી નથી જે સાંપ્રત સમયમાં કાયદાના તજજ્ઞો માટે હંમેશા ચર્ચાનો વિષય રહ્યો છે.

દેશનું પોલીસ આયોગ પણ જણાવી ચુકયુ છે કે, ૬૦ ટકા ધરપકડ અનાવશ્યક રીતે કરવામાં આવે છે તો પછી આવી ધરપકડ કરવામાં કેમ આવે છે ? જે પ્રશ્ન આમ આદમી માટે છે. આવી રીતે ગેરકાયદેસર રીતે ધરપકડ કરવામાં આવતી વ્યકિતને મેજીસ્ટ્રેટ ભારતીય દંડ સહિતાની કલમ ૫૯ મુજબ આવા કેસોમાં ધરપકડ વગર જામીન લઈ છોડી મુકવા જોઈએ દંડ પ્રક્રિયાની કલમ ૪૩૭ માં જોગવાઈ છે કે બીન જામીન લાયક ગુન્હામાં પ્રથમ વખત પોલીસ દ્વારા પણ જામીન આપી શકાય છે જે કાર્ય પોલીસે કરવાનું હોય તે કામ દેશની ન્યાયાલયને માથે આવે છે અને અદાલત પોલીસને જામીન કેમ ના આપ્યા તેનું કારણ પણ પુછતી નથી. આ દેશની ગંભીર વિટમણા છે. સુપ્રિમ કોર્ટે પણ આજદિન સુધી જામીન લાયક ગુન્હામાં ધરપકડ માટે પોલીસ અધિકારીનો ખુલાસો કે જવાબ માંગ્યો નથી.

હાઈકોર્ટમાં વર્ષે ૧૮૦૦૦ ઉપરાંત જામીન અરજીઓ આવે છે જેની સુનવણીમાં જ હાઈકોર્ટનો મહત્વનો સમય પસાર થાય છે, જેથી બીજા કેસોમાં મુદતો પડતા આમ જનતાને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે. ન્યાયનો વિલંબ એ ન્યાય ના મળ્યા બરાબર જ છે. ભારતમાં જેટલી એફઆઈઆર દાખલ થાય છે તેના ૨ ટકા કેસોમાં જ સજા થાય છે તો પછી આટલી કાયદાકીય પ્રક્રિયા શા કામની ૨ ટકા અપરાધીઓની સજા બાકીના ૯૮ ટકા નિર્દોષ લોકો ભોગવે છે નીચલી કોર્ટે જામીન ના આપ્યા હોય તેવા કેસો ડિસ્ટ્રીકટ જજની કોર્ટમાં તેમજ ડિસ્ટ્રીકટ જજે જામીન રદ કરેલ હોય તો હાઈકોર્ટમાં જામીન અરજ દાખલ થતા ઘણો સમય વિતે છે અને નિર્દોષ લોકો વિના કારણ જેલવાસ ભોગવી સરકારને બોજો વધારે છે આવી જટીલ ન્યાય પ્રક્રિયા ભારતમાં જ જોવા મળે છે ૨ ટકા અપરાધીઓના કારણે ૯૮ ટકા નિર્દોષ લોકો કોર્ટમાં ધન અને સમય વેડફે છે જેની પાછળ સરકારી તંત્રનો ભારેખમ ખર્ચો થતો રહે છે.

જે મામલામાં પુરાવાનો અભાવ હોય, દોષા રોપણ નક્કી થઈ શકે તેમ ના હોય, અપરાધ સાબીત કરવાની શકયતા નહીવત હોય, તેવા મામલાઓ અને પોલીસ સ્ટેશનમાંથી જ બી અને સી સમરી ભરી રફાદફા કરવા જોઈએ. પોલીસ દ્વારા જામીન લાયક ગુન્હામાં પણ ઉદ્દેશ સિધ્ધ ના થતા રીમાન્ડ અરજ મુકવામાં આવે છે. આવી રીમાન્ડ અરજ મોટાભાગની એટલે કે ૯૮ ટકા અરજી ન્યાયાલય મંજુર જ કરતી હોય છે, પરંતુ રીમાન્ડ લેવા માટે પોલીસને દિશા નિર્દેશ આપતી નથી કે કેવી રીતે અને કેવા પ્રકારે રીમાન્ડ લઈ કેસમાં લેવા જોઈએ. લંડનમાં અપરાધી અધિનિયમની કલમ ૪૪ મુજબ પોલીસને રીમાન્ડ માંગતી અરજી સાથે શપથપત્ર આપવા ફરજીયાત છે. રીમાન્ડ લેતા પહેલા પોલીસને શપથ લેવડાવવા જોઈએ કે દેશની ઉચ્ચ ન્યાયલયે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તથા દિશા નિર્દેશ મુજબ તેમજ માનવ અધિકારની તમામ બાબતોનું પાલન કરશે, પરંતુ દેશનો કાયદો ધરપકડના પક્ષમાં ના હોવા છતાં પોલીસ તથા જેલ અધિકારીઓ અપરાધીને સગવડ આપવા અથવા ના આપવાના બહાને ઉદેશ સિધ્ધ કરી જ લે છે.

ઓસ્ટેલીયામાં જામીન એ વ્યકિતનો અધિકાર ગણાય છે. જામીન માટે અલગથી એક કાયદો છે પરંતુ આપણે ત્યાં સ્વતંત્રતા ખરીદવી પડે તેવી પરિસ્થિતિ પોલીસ દ્વારા નિર્માણ થતી હોય છે જેથી ધરપકડ અને જામીન એ પોલીસ માટે દુધાળી ગાય સાબીત થાયેલ છે. ભય ઉભો કરી ઉદ્દેશ સિધ્ધ જ થતો રહે છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
- info@trivediassociates.in

# સુખી તેઓ છે, જે સ્વપ્ના સેવે છે, અને તેને સાચાં પાડવાની કિંમત ચૂકવવા તત્પર હોય છે



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

સુખી તેઓ છે, જે સ્વપ્ના સેવે છે, અને તેને સાચાં પાડવાની કિંમત ચૂકવવા તત્પર હોય છે.

દિવાળી પૂરી થતાં જ નવાં વર્ષના આગમન સાથે જ ધીરે-ધીરે સૌ કોઈ પોતપોતાની routine life તરફ પરત ફરી રહ્યા હોય છે. નાના બાળકથી લઈને મોટા વડીલો સુધી દરેક માટે સોમવારનું આવવું, વેકેશન પુરું થવું એકસરખું જ બોરીંગ અને કંટાળાજનક અઘરું કામ હોય છે. પણ પોતાના સપના, પોતાના લક્ષ્ય, પોતાના અધૂરાં કાર્યો પૂરા કરવા માટે આપણે સૌ મને-કમને હસતા મોઢે ફરી એકવાર કામમાં પરોવાઈ જઈએ છીએ. આપણે સૌ જાણીએ જ છીએ કે કંઈક પામવા માટે કંઈક ગુમાવવું પડે છે. તહેવારો આપણા જીવનમાં નવું જોમ અને નવો ઉત્સાહ ઉમેરીને જીવનને રસપ્રદ બનાવે છે. કવિશ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ,

"માનવે તો પુરુષાર્થમાં સતત રચ્યા રહેવાનું છે.
કસો કમર ચલાવો મજલમુકામની દિશામાં બે ડગ તો ભરો."

જે પ્રયત્નશીલ છે, તે અથડાતો, પછડાતો પણ છેવટે પોતાના અસલ મુકામે પહોંચે છે. વચ્ચે કેવી ભૂલો થઈ, પતનો થયાં, એ મોટો સવાલ નથી; માણસ પાછો ઊભો થઈ જાય અને ફરી મજલ કાપવા માંડે, એનું મહત્ત્વ છે. સતત પ્રયત્ન કરતો રહે તો માણસ અંતે જીવનસાફલ્ય પામે જ છે. 'ઉતાવળ વિના, પરંતુ ક્ષણ એક જંપ્યા વિના."

દિવાળીના તહેવારમાં આપણે ગમે તેટલા ઓતપ્રોત થઈને આનંદ માણ્યો હોય છતાં આજે આપણે આવનારા વર્ષ દરમિયાન કરવાના કાર્યો તેમજ જરુરી બાબતોની સૂચી બનાવી આયોજનપૂર્વક કાર્ય કરવું જોઈએ. તહેવારો અને જીવનમાં બનતી ઘટનાઓ નિરંતર ચાલ્યા જ કરે છે એ વાસ્તવિકતા સ્વીકારીને તહેવાર બાદ નવી આશા, નવા જોમ સાથે કાર્યની શુભ શરુઆત અને નવ વર્ષની શરુઆત કરીએ તો જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરી શકીશું. સોશિયલ મીડિયાને કારણે હવે કંટાળો આવતો હોય કે ન ગમતી હોય છે તેવી વાતો Whats app પર ઓડિયો કે વીડિયોના સ્વરુપમાં માણીએ છીએ અને તેના પર હસી પણ નાંખીએ છીએ. આવનારા વર્ષમાં સંબંધો, લાગણીઓ, પ્રેમ અને અનુકંપાથી ભરપૂર બનીએ અને સમાજમાં




તેનો પ્રચાર કરીએ તેમજ વધુમાં વધુ લોકોને તેમાં ભાગીદાર બનાવી શકીએ તો તહેવારનો ખરો હેતુ સિદ્ધ થયો ગણાશે. આપણે સૌએ જોયું, અનુભવ્યું, થોડા દુઃખી પણ થયા કે જેટલા પ્રમાણમાં Whats app મેસેજીસ ફોરવર્ડ કર્યા કે ફોટા અપલોડ કર્યા એટલો આનંદ માણી શક્યા નથી! કયાંક કંઈક ખૂટતું હોય, છૂટતું હોય કે બાકાત થઈ રહ્યું હોય તેવો અહેસાસ આપણને હતાશ બનાવી દે છે! એકબીજાના ઘરે આવવું. એકબીજાને મળવું કે તહેવારને ખરા અર્થમાં માણવું એ તમામ જાણે એક સ્વપ્ન સમાન લાગે છે. ગણ્યાગાંઠ્યા લોકો જ તહેવારને પરંપરાગત રીતે માણે છે. જેના કારણે ધીરે-ધીરે સમાજમાં depression અને broken relationship નું પ્રમાણ વધી રહ્યું છે. મોટા ભાગે બહાર ફરવા જવાનું અત્યારે Comon થઈ ગયું છે ત્યારે પણ જો આપણે આપણા Family values અને bonding ને મજબૂત રાખવું હશે તો વર્ષમાં એકવાર દિવાળીના તહેવારમાં Family trip કરીને પણ એકબીજાની સાથે સમય પસાર કરવાનો પ્રયત્ન કરવાની જરુર છે. ઘરના તમામ તમામ સભ્યો સાથે મળીને સમય પસાર કરે કરે એ જ સાચી ઉજવણી ગણાય.

સંબંધોની કયારી જયારે સમયના અભાવે કરમાઈ જાય તેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે તેમાં સ્નેહ અને હૂંફના પાણીનો છંટકાવ કરી તેને ફરીથી મઘમઘતી બનાવી શકાય. આપણા ધ્યેય તરફ આગળ વધવાની સાથોસાથ આપણી આસપાસ જે નાના-મોટા સંબંધો પાછળ છૂટી ગયા છે તેને થોડો સમય, થોડી માવજત અને થોડી હૂંફ દ્વારા નજીક લાવવાનો પ્રયત્ન કરીશું તો આવનારી દિવાળીને કંઈક નવા જ ઉત્સાહ સાથે ચોક્કસપણે નવા અંદાજમાં માણી શકીશું. ધનતેરસથી માંડીને લાભપાંચમના મેસેજમાં એક સામ્યતા એ જ રહી કે આ વર્ષે આપણે આપણા સંબંધોમાં ઉષ્મા આણી શકીએ. ધનતેરસનો એક મેસેજ,

when a child needs his father's time and father keeps his mobile away and switches tv off and given his 100 percent to child, that moment is DHAN for the child.

when even after 20 years of wedding the husband still tells his wife 'I Love You' and appreciate her for what she is with all honesty, those moment are DHAN for the wife.

when perents are old and they need attention and compassion from their children and when thet get it, those moment are DHAN for perents.

May your life and world be filled with all such DHAN which makes our life truly wirth living

અને લાભપાંચમ

- વિવાદ વગર દિવસ પુરો થઈ જાય, એ જ સાચો લાભ
- રાત્રે શાંતિપૂર્ણ નીંદર આવી જાય, એ જ સાચો લાભ
- દિવસમાં કોઈ એકને મદદરુપ થવાય, એ જ સાચો લાભ
- દવાખાનામાં પૈસા ન વેડફાય, એ જ સાચો લાભ
- મહેનત અને પ્રામાણિકતાથી ધન આવે, એ જ સાચો લાભ

આ બંને મેસેજ આપણે સંપૂર્ણપણે સમજી શકીએ તેની સંવેદનશીલતા મનમાં ઉતારી શકીએ અને તે પ્રમાણે વર્તી શકીએ એ જ આપણા નવાં વર્ષનો સંકલ્પ...

- nehalgadhavi101@gmail.com

# સાંસ્કૃતિક ક્ષેત્રના સૂરીલા સેતુ : બંકિમ મહેતા



**નવી સવાર**

રમેશ તન્ના

૧૯૭૬માં ભોગાવા નદીમાં ઘોડાપૂર આવ્યું. એ વખતે આ કથાના નાયક શ્રી બંકિમભાઈના જીવનમાં એક અણધાર્યો બનાવ બન્યો. તેઓ હડાલા-ભાલ નામના નાનકડા ગામમાં બેંક કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા. રહેતા હતા ધંધૂકા. અપડાઉન કરતા. ચોમાસામાં આવેલા પૂરને કારણે તેઓ હડાલા-ભાલમાં ફસાયા. એક કનુભાઈ દરજીની સાથે, જોખમ લઈને, હીંમત અને સાહસ કરીને તેઓ ધંધૂકા જવા નીકળ્યા. ધીમે-ધીમે, સાચવીને આગળ ધપતા હતા, પરંતુ એક તબક્કે બન્ને પાણીમાં તણાયા. પાણીના પ્રવાહમાં ખૂબ જ જોર હતું. સદ્ નસીબે શ્રી બંકિમભાઈને થોરની વાડે રોકી લીધા. કાંટાને કારણે આપણે થોરને નકારાત્મક રીતે જોઈએ છીએ, પણ અહીં થોર શ્રી બંકિમભાઈ માટે જીવનદાતા બન્યો. થોરને કારણે જ તેઓ બચી ગયા અને તેમને નવજીવન મળ્યું.

ત્યારથી તેમણે સંકલ્પ કર્યો કે હવેનું મારું જીવન સમાજ માટે છે. તેઓ નિસ્વાર્થ ભાવે સમાજ કલ્યાણની વિવિધ પ્રવૃતિઓમાં સહયોગ કરવા લાગ્યા. થોરે તેમના હૃદયમાં કરુણાનો ઝરો જન્માવ્યો, જે અવિરત આજે પણ અવિરત વહે છે.બંકીમભાઈ ઓળખવા જેવા, જાણવા જેવા અને મળવા જેવા માણસ છે.

● ● ●

આપણાં ત્યાં એવો (કુ)રિવાજ છે કે ચમકતા દમકતા નામોની વાતો થયા કરે. બરાબર છે, તેમની વાતો થવી જોઈએ પણ કેટલીક એવી વ્યક્તિઓની વાતો પણ કરવી જોઈએ જે સમાજને ઉપયોગી થતી વૃત્તિ-પ્રવૃત્તિને વેગ આપતી હોય. આવી જ એક વ્યક્તિ છેઃ બંકિમ મહેતા.

અમદાવાદમાં થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં તેઓ સેતુ બનીને સતત કામ કરતા જ હોય! મુનશી ત્રિપુટી (સૌમિલ-આરતી-શ્યામલ) અને તુષાર શુકલ આયોજિત એક એકથી ચઢિયાતા કાર્યક્રમ હોય, 'અનુષ્ઠાન'નો યાદગાર જલસો હોય, 'સમન્વય'નો વાર્ષિક કાર્યક્રમ હોય કે પછી કોઈ સામાજિક કાર્યને ગતિ કે વેગ આપવા થયેલો ઉપક્રમ હોય, બંકિમ મહેતા હાજરાહાજૂર જ હોય. તેમને આયોજકો કોઈ પણ કામ સોંપી શકે. અરે, ઘણી વાર તો કામ સોંપવાની જરૂર જ ના પડે, તેઓ પોતે જ સમજીને જવાબદારી સ્વીકારીને દોડવા લાગે.

કલાકારો સાથે સંપર્ક કરવાનો હોય, તેમને લેવા જવાના હોય,





તેમને મૂકવા જવાના હોય, કલાકારોને લગતું કોઈ કામ હોય કે કલાકારોનું કોઈ કામ હોય... બંકિમભાઈ એકદમ હાથવગા હોય. ક્યારેય ના ન પાડે. કાર્યક્રમોના યોજકો અને કલાકારોને, પોતાની આજુબાજુ બંકિમભાઈ હોય એટલે એક ચોક્કસ પ્રકારની નિરાંત અને ધરપત હોય. તેઓ નફિકરા બની જાય. તેમને ખાતરી જ હોય કે બંકિમભાઈ છે એટલે વાંધો નહીં આવે.

બંકિમભાઈ ભલે અમદાવાદમાં રહેતા હોય, પરંતુ તેમનું મૂળ તો મુંબઈ છે. તેમનો જન્મ ભાવનગરમાં નાગર પરિવારમાં. જ્યારે ભારતમાં 'હિંદ છોડો'ની લડત ચાલતી હતી એ વર્ષમાં એટલે કે ૧૯૪૨માં તેઓ મોસાળમાં જન્મ્યા. પિતાનું નામ બળભદ્ર મહેતા. તેમનું શિક્ષણ મુંબઈમાં થયું હતું. તેમણે 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા'માં ૩૪ વર્ષ સુધી બેંકમાં નોકરી કરી. બેંકમાં જનસંપર્ક વિભાગ શરૂ થતાં, પ્રારંભમાં તેમણે કર્મચારી તરીકે અને ત્યાર બાદ જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવી.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સંધાન કેવી રીતે થયું? તેનો પણ નાનકડો ઈતિહાસ છે. બંકિમભાઈની એકની એક દીકરી નેહાને કળા પ્રવૃત્તિઓમાં ખૂબ જ રસ હતો. એ વખતે ગુજરાતમાં શ્યામલ-સૌમિલની પ્રવૃત્તિઓનો ધમધમાટ હતો. એ વખતે નેહાબહેને પણ તેમાં ભાગ લીધો હતો. એ પછી તો શ્યામલ-સૌમિલના સૂચનથી નેહાબહેને અન્ય એક કલાકાર હર્ષના મહેતા સાથે મળીને 'સૈયર' નામનું પોતાનું ગ્રૂપ પણ સ્થાપ્યું અને સરસ રીતે ચલાવ્યું. એ પછી બંકિમભાઈ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રસારક થયા. ઘણા તેમને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના એલચી એટલે કે એમ્બેસેડર પણ કહે છે.

તેઓ પોતાની દરેક વસ્તુ સાચવી જાણે છે. તેમના કાંડા પર ૫૧ વર્ષથી ચાલે છે એક જ ઘડિયાળ અને ૪૧ વર્ષથી તેઓ એક જ સ્કૂટર ચલાવે છે.

બંકિમભાઈની જન્મ તારીખ છે ૨૪-૧૧-૧૯૪૨. તેમનાં લગ્ન થયાં ૧૯૭૧માં. લગ્ન સમયે તેમના પિતાજીના

મિત્રએ તેમને કેમી **Camy** કંપનીની આ કાંડા ઘડિયાળ ભેટ આપી હતી. આજના કોઈ યુવાનને કહીએ કે કોઈ એકની એક વસ્તુ કોઈ એક વ્યક્તિ સતત ૫૧ વર્ષથી ચલાવે છે તો તે માને નહીં.

કદાચ મોં બગાડીને કહે કે એકની એક ચીજ શા માટે વાપરવી જોઈએ ? ચેન્જ તો જોઈએ કે નહીં ?

તેઓ પોતાનું બજાજ પ્રિયા સ્કૂટર ૪૧ વર્ષથી ચલાવે છે.. આ સ્કૂટર આમ તો માર્ચ-૧૯૮૦નું મોડલ છે, પરંતુ બંકિમભાઈએ ૧૯૮૭માં સેકન્ડમાં ૭,૦૦૦ રૂપિયામાં તે ખરીદ્યું હતું. અત્યારે ૪૧ વર્ષની વયનું આ બજાજ પ્રિયા સ્કૂટર એકદમ ચાલુ હાલતમાં છે. અરે, નવું નકોર લાગે તેવું છે. આજે પણ બંકિમભાઈ બજાજ પ્રિયાને લઈને અમદાવાદના રસ્તાઓ પર નીકળી પડે છે. તેઓ દર મહિને તેની સર્વિસ કરાવે છે. ૨૫૦ રૂપિયા જેટલો ખર્ચ થાય છે. આ સ્કૂટર ૩૦ની એવરેજ આપે છે.

૫૧ વર્ષથી અવિરત ચાલતી ઘડિયાળ અને ૪૧ વર્ષથી ચાલતું સ્કૂટર.. ખરેખર આપણે બધાંએ બંકિમભાઈ પાસેથી ચીજ-વસ્તુની સાચવણ કરવાનું શીખવા જેવું છે.

આવા છે નોખા અને અનોખા બંકિમભાઈ મહેતા.

**છાંયડો :**

જૈફવયે એકલું લાગતું હોય તો વ્યક્તિએ કલાભિમુખ થવું જોઈએ. એકલતા ઓગળી જશે અને જીવન ભર્યું ભર્યું થઈ જશે.